# Subject Code : QDB-52

## રાજ્યશાસ્ત્ર (મુખ્ય પરીક્ષા)

**(Gujarati Medium)**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 200**

**સૂચના :** (1) પ્રશ્નપત્ર **A, B** અને **C** વિભાગમાં છે, પ્રત્યેક વિભાગમાં લખવાના પ્રશ્નો તથા તેના ગુણ આપવામાં આવેલ છે.

(2) પ્રત્યેક વિભાગમાં પ્રશ્નોના જવાબ એક સાથે – સળંગ ક્રમવાર જવાબવહીમાં લખવાના રહેશે. તેમજ એક વિભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા વિભાગના પ્રશ્નોના જવાબ લખવા નહીં. જો આ રીતે એક વિભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા વિભાગના પ્રશ્નોના જવાબ લખેલા હશે તો તે તપાસવામાં આવશે નહીં.

(3) વિભાગ **A**, B અને C માં ના પ્રશ્નોના જવાબ નિર્ધારિત શબ્દોમાં લખવા.

(4) જો અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ પ્રશ્નો અને તેના ગુજરાતી અનુવાદમાં તફાવત જણાય તો, અંગ્રેજી ભાષાનો પ્રશ્ન તે માટે માન્ય ગણવાનો રહેશે.

(5) ઉત્તર અંગ્રેજી અથવા ગુજરાતી બે પૈકી આપે વિકલ્પ આપેલ એક જ ભાષામાં લખવાના રહેશે. બંને ભાષામાં જવાબો એક સાથે લખી શકાશે નહીં.

### વિભાગ-A

**સૂચના :** (1) પ્રશ્ન ક્રમાંક : **1** થી **20.**

(2) બધા જ **20** પ્રશ્નોના જવાબો લખવાના છે.

(3) દરેક પ્રશ્નના **2** ગુણ છે.

(4) જવાબ આશરે **20** થી **30** શબ્દોમાં લખવા.

1. રાજ્યશાસ્ત્રનો અર્થ સમજાવો.
2. તુલનાત્મક રાજકારણની વ્યાખ્યા કરો.
3. ‘અનુ-વર્તનલક્ષીવાદ’ એટલે શું ?
4. “અધિકારોની ત્રણ પેઢી” (Three Generations of Rights)ને ટૂંકમાં ઓળખાવો.
5. ‘સામાજીક ન્યાય’ એટલે શું ?
6. ‘સહકારી સમવાયીતા’ (Cooperative Federalism) એટલે શું ?
7. ‘આંતર-રાજ્ય પરિષદ’ (Inter-State Council) એટલે શું ?
8. ‘લોકશાહી ઘટ’ (Democratic Deficit) શું છે ?
9. ‘સંસદીય વિશેષાધિકારો’ કયા છે ?
10. ‘હિતસંબંધી સમૂહ’ની વ્યાખ્યા કરો.
11. ‘સત્તા સંતુલન’ એટલે શું ?
12. ‘બેવડો નિષેધાધિકાર’ (Double Veto) એટલે શું ?
13. અર્થશાસ્ત્રમાં નિરૂપાયેલ જ્ઞાનની ચાર શાખા વર્ણવો.
14. ભારતની બંધારણ સભાનો ‘સમાયોજન સિદ્ધાંત’ સમજાવો.
15. ભારતીય સંવિધાનના અનુચ્છેદ-368 વિશે લખો.
16. ભારતમાં શિક્ષણનો અધિકાર.
17. ગાંધીજીનો વાલીપણા (Trusteeship)નો સિદ્ધાંત સમજાવો.

18. 'બ્રેટન વુડ્ઝ સંસ્થાઓ' (Bretton Woods Institutions) શું છે ?
19. 'યુરોપીયન સંઘ' (European Union) શું છે ?
20. SAARCના હેતુઓ.

## વિભાગ-B

**સૂચના :** (1) પ્રશ્ન ક્રમાંક : **21** થી **32**.
(2) બધા જ **12** પ્રશ્નોના જવાબો લખવાના છે.
(3) દરેક પ્રશ્નના **5** ગુણ છે.
(4) જવાબ આશરે **50** થી **60** શબ્દોમાં લખવા.

21. રાજકારણનો ઉદારમતવાદી દૃષ્ટિકોણ સમજાવો.
22. "સત્તાઓ (Authority) કાયદાકીય સામર્થ્ય (Power) છે." – ચર્ચા કરો.
23. અમલદારશાહીની અર્થપૂર્ણતા (significance) સમજાવો.
24. "આંબેડકર સામાજીક અન્યાય સામેના લડવૈયા હતા." – સમજાવો.
25. 'રાષ્ટ્રહિત' એટલે શું ?
26. "ભારતમાં રાજકીય પક્ષો છે, પરંતુ પક્ષપ્રણાલી નથી." – ટિપ્પણી કરો.
27. ભારતીય સંવિધાનના અનુચ્છેદ-111નું મહત્ત્વ સમજાવો.
28. ભારતની પૂર્વાભિમુખી નીતિ (Look East Policy)નું મહત્ત્વ સમજાવો.
29. વૈશ્વીકરણની રાજ્યોના સાર્વભૌમત્વ ઉપર અસર તપાસો.
30. ધર્મશાસ્ત્રમાં ધર્મના ખ્યાલનું મહત્ત્વ સમજાવો.
31. ભારતીય સંવિધાનના મૂળભૂત માળખાના સિદ્ધાંતને સમજાવો.
32. ભારતની વિદેશ નીતિમાં બદલાવના ઘટકો ઓળખો.

## વિભાગ-C

**સૂચના :** (1) પ્રશ્ન ક્રમાંક : **33** થી **39**.
(2) નીચેના **7** પૈકી ગમે તે **5** પ્રશ્નોના જવાબો લખવાના છે.
(3) દરેક પ્રશ્નના **20** ગુણ છે.
(4) જવાબ આશરે **200** શબ્દોમાં લખવા.

33. સમાનતા વિના સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિણમે છે અને સ્વતંત્રતા વગર સમાનતા એકરૂપતામાં વિલય થાય છે. – ચર્ચા કરો.
34. ભારતીય સમવાયતંત્રનો મૂળભૂત ઉદ્દેશ અને સમકાલીન સારતત્વ તપાસો.
35. ન્યાયિક સમીક્ષા એટલે શું ? સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા 'ન્યાયિક સમીક્ષા'એ ભારતીય સંવિધાનના શબ્દ અને સાર (Letter and Spirit)ની ક્યાં સુધી રક્ષા કરી છે ? તમારા મંતવ્ય જણાવો.
36. "સંરચનાત્મક પ્રકાર્યવાદ (Structural Functionalism) તુલનાત્મક રાજકારણના અભ્યાસ માટે વ્યાપક રીતે જાણીતો અભિગમ ગણવામાં આવે છે." – સમજાવો.
37. "સંયુક્ત રાષ્ટ્ર (UN) ચાર્ટરની ઉપયોગીતા સમાપ્ત થઈ છે અને સમકાલીન વિશ્વમાં તેમાં સુધારાની આવશ્યકતા છે." – વિધાનને તપાસો અને સંયુક્ત રાષ્ટ્ર (UN) ચાર્ટરનો સુધારણા એજન્ડા તૈયાર કરો.
38. "આબોહવાકીય સમસ્યાઓ અને આંતરરાષ્ટ્રીય આતંકવાદ નવી શતાબ્દિની મુખ્ય વૈશ્વિક સમસ્યાઓ છે." – ચર્ચા કરો.
39. સલામતી પરિષદમાં સ્થાયી સભ્યપદ માટે ભારતની માંગણીના પક્ષમાં દલીલો રજૂ કરો.

# Subject Code : QDB-52

## POLITICAL SCIENCE (Main Examination)

**(English Medium)**

**Time : 3 Hours** **Total Marks : 200**

**Instructions :**
(1) The question paper has been divided into three parts, **A**, **B** and **C**. The number of questions to be attempted and their marks are indicated in each part.
(2) Answers of all the questions of each part should be written continuously in the answer sheet and should not be mixed with other parts' Answer. In the event of answer found, which are belongs to other part, such answers will not be assessed by examiner.
(3) The candidate should write the answer within the limit of words prescribed in the parts **A**, **B** and **C**.
(4) If there is any difference in English language question and its Gujarati Translation, then English language question will be considered as valid.
(5) Answer should be written in one of the two languages. Write in the language (English or Gujarati) preference given by you. Answer should not be written in both the languages in the same paper.

### Part-A

**Instructions :**
(1) Question No. **1** to **20**.
(2) Attempt all **20** questions.
(3) Each question carries **2** marks.
(4) Answer should be given approximately in **20** to **30** words.

1. Explain meaning of Political Science.
2. Define comparative politics.
3. What is meant by 'Post-behaviouralism' ?
4. Briefly identify 'Three Generations of Rights'.
5. What is 'Social Justice' ?
6. What is 'Cooperative Federalism' ?
7. What is the importance of 'Inter-State Council' ?
8. What is 'Democratic Deficit' ?
9. What are 'Parliamentary Privileges' ?
10. Define 'Interest Group'.
11. What is 'Balance of Power' ?
12. What is 'Double Veto' ?
13. Describe the 'Four branches of knowledge as enunciated in Arthashastra'.
14. Explain the 'Accommodation principle' of constituent assembly of India.
15. Write about Article 368 of Constitution of India.
16. Right to Education in India.
17. Explain Gandhi's doctrine of Trusteeship.

18. What are ‘Bretton Woods Institutions’ ?
19. What is European Union ?
20. Objectives of SAARC.

## Part-B

**Instructions :** (1) Question No. **21** to **32**.
(2) Attempt all **12** questions.
(3) Each question carries **5** marks.
(4) Answer should be given approximately in **50** to **60** words.

21. Explain liberal view of politics.
22. ‘Authority is legitimate power.’ Comment.
23. Explain the significance of bureaucracy.
24. ‘Ambedkar was a crusader against social injustices.’ Elucidate.
25. What is ‘National Interest’ ?
26. ‘There are political parties but no party system in India.’ Comment.
27. Explain significance of Article 111 of the Indian Constitution.
28. Explain importance of ‘India’s Look East Policy’.
29. Analyse the impact of Globalisation on sovereignty of State.
30. Examine the significance of the concept of Dharma in Dharmashastra.
31. Explain the Doctrine of Basic structure of the Constitution of India.
32. Identify the elements of change in India’s foreign policy.

## Part-C

**Instructions :** (1) Question No. **33** to **39**.
(2) Attempt any **5** out of **7** questions.
(3) Each question carries **20** marks.
(4) Answer should be given approximately in **200** words.

33. ‘Liberty without equality degenerates into license and equality without liberty lapses into uniformity’. Discuss.
34. Examine the original intent and contemporary content of the Indian federal system.
35. What is meant by Judicial Review ? How far ‘Judicial Review’ by the apex court has protected the letter and spirit of the Constitution of India ? Give your views.
36. “Structural-Functionalism is regarded as a widely known general approach to the study of comparative politics.” Explain.
37. ‘The UN Charter has over lived its Utility and needs change in the Contemporary World’ – Examine the statement and prepare a reform agenda of the UN Charter.
38. “Environmental problems and International Terrorism are major global issues in the New Millennium.” Discuss
39. Give arguments in favour of India’s claim to permanent seat in the Security Council.